RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 124* Date: 02.03.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દેશભરમાં કોરોના વેક્સિનેશન ૨.૦ની શરૂઆત

# PM મોદીએ એમ્સ હોસ્પિટલમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

### વવડાપ્રધાનને ભારત બાયોટેકની કોવેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો, પોડિંચેરીની સિસ્ટર પી નિવેદાએ મોદીને રસી લગાવી

*ન્યુ દિલ્હી,તા.૧*

દેશમાં આજે કોરોના વેક્સિનેશન ૨.૦ની શરૂઆત થઈ ગઈ છે. આજથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો (ગંભીર બીમારી વાળા) લોકોને વેક્સિન લગાવવામાં આવી રહી છે. સોમવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સિન લગાવી છે. અને ત્યારપછી બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, નવીન પટનાયક જેવા સીનિયર નેતાઓએ પણ વેક્સિન લગાવી છે.

રસી લીધા બાદ પીએમ મોદીએ કહ્યું, કોરોના વાયરસ વિરૂદ્ધ વૈશ્વિક લડાઈને મજબૂતી આપવા માટે જે ઝડપથી આપણા ડોક્ટરો અને વૈજ્ઞાનિકોએ કામ કર્યું છે તે ઉલ્લેખનીય છે. જે લોકો રસી લેવા માટે યોગ્ય છે, હું એ બધાને રસી લેવાની અપીલ કરું છું. સાથે મળીને ભારતને કોરોના મુક્ત બનાવીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કોરોનાની પ્રથમ રસી લગાવી દીધી છે, તેમણે ભારત બાયોટેકની કોવેકિસનનો ડોઝ આપવામાં આવ્યો હતો. તે સોમવાર સવારે આસામનો ખેસ પહેરીને દિલ્હીની AIIMS પહોચ્યા હતા. અહી પોડિચેરીની સિસ્ટર પી નિવેદાએ મોદીને રસી લગાવી હતી, આ દરમિયાન કેરળની એક સિસ્ટર પાસે ઉભી હતી. વેક્સિન લગાવવાના સમયે પીએમ મોદીએ નર્સને કહ્યું કે, નેતા મોટી ચામડીના હોય છે, મોટી સોય લગાવો. આ ત્રણેય રાજ્યમાં ૨૭ માર્ચથી ૬ એપ્રિલ સુધી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. સિસ્ટર પી નિવેદાએ મીડિયાને જણાવ્યુ કે વડાપ્રધાન મોદીએ રસી લગાવ્યા બાદ કહ્યુ, 'લગાવી પણ દીધી, ખબર જ ના પડી'.

વડાપ્રધાનને પોડિચેરીની નર્સ પી નિવેદાએ રસી લગાવી હતી, જે બીજી નર્સ હાજર હતી તે કેરળની છે. વેક્સીન લગાવતા સમયે PM મોદીએ આસામનો ખેસ ગળામાં પહેરેલો હતો. આ ત્યાની મહિલાઓના આશીર્વાદનો સિમ્બોલ છે. મોદી પહેલા પણ કેટલાક પ્રસંગે આવો ખેસ પહેરતા જોવા મળ્યા છે. આ પણ સંયોગ છે કે કેરળ, પોડિચેરી અને આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી યોજાવાની છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સીન લગાવતા સમયે હસતી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જેના દ્વારા તેમણે વેક્સીનને લઈને સામાન્ય લોકોના મનમાં શંકા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ વિપક્ષના તે નેતાઓને પણ મેસેજ આપ્યો, જેમણે વેક્સીનેશનની મંજૂરીની પ્રોસેસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ તરફથી કેટલીક વખત નિવેદન કરવામાં આવ્યુ કે દેશમાં વેક્સીન પ્રત્યે વિશ્વાસ બતાવવા માટે સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સીન લેવી જોઈએ. કોંગ્રેસ નેતા અજીત શર્માએ વેક્સીનેશનની શરૂાતમાં જ નિવેદન આપ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના સીનિયર નેતાઓને સૌથી પહેલા વેક્સીન લગાવી જોઈએ.

કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ પણ પત્રકાર પરિષદમાં ઉલ્લેખ કર્યો હતો કે




વિશ્વના કેટલાક દેશના રાષ્ટ્રીય અધ્યક્ષ વેક્સીન લગાવી રહ્યા છે, શું ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વેક્સીનને લગાવશે.

આપને જણાવી દઈએ કે દેશના અંદાજે ૧૦ હજાર સરકારી સેન્ટર્સ પર મફતમાં વેક્સીન મળી રહી છે જ્યારે પ્રાઈવેટ સેન્ટર્સ પર આ વેક્સીન ૨૫૦ રૂપિયામાં પ્રતિ ડોઝના હિસાબથી અપાશે.

### વડાપ્રધાન મોદીએ વેબિનારમાં સંબોધન કર્યું

## કૃષિમાં પ્રાઇવેટ સેક્ટરને પ્રોત્સાહન આપવાનો સમય આવી ગયો છેઃ મોદી

### કૃષિ ક્ષેત્રમાં પ્રાઇવેટ અને પબ્લિક સેક્ટરમાં સાથે આવવું પડશે, નાના ખેડૂતોને તાકાત આપતાં જ કૃષિ ક્ષેત્રનું ભલું થશે

ન્યુ દિલ્હી,તા.૧

કોરોના વાયરસની રસી લગાવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું કામ કરવાનું ચાલુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે એક વેબિનારને સંબોધિત કર્યો, જેમાં બજેટમાં કૃષિ ક્ષેત્ર પર કયા પ્રકારે ફોકસ રાખવામાં આવ્યું છે તેના પર ચર્ચા થઇ. પીએમ મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે જયારે કૃષિ સેક્ટરમાં પ્રાઈવેટ પ્લેયર્સને બળ આપવામાં આવે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે કૃષિ ક્ષેત્રમાં પ્રાઈવેટ અને પબ્લિક સેક્ટરમાં સાથે આવવું પડશે, દેશના નાના ખેડૂતોને ધ્યાનમાં રાખતાં સરકારે ઘણા નિર્ણય લીધા છે. પીએમ મોદીએ કહ્યું કે નાના ખેડૂતોને તાકાત આપતાં જ કૃષિ ક્ષેત્રનું ભલું થશે.

પીએમ મોદી એ પોતાના સંબોધનમાં કહ્યું કે બજેટમાં એવા ઘણા એવા નિર્ણય લેવામાં આવ્યા છે, જેનાથી સરકારના વિઝનની ખબર પડે છે. પીએમ મોદીએ કહ્યું કે જો ત્રણ દાયદા પહેલાં આ કામ થઈ જાય તો ખૂબ સારું થાય, પરંતુ હવે આપણે વર્તમાન અને ભવિષ્યને જોઈને કામ કરવું પડશે.

પીએમ મોદીએ કહ્યું કે ફૂડ પ્રોસેસિંગ દ્વારા ખેડૂતો સાથે-સાથે પ્રાઈવેટ પબ્લિક સેક્ટરને બળ મળશે. ખેડૂતોની ઉપજને વધુ વિકલ્પ મળવો, સમયની માંગ હવે માંગડાઓની પાસે જ એગ્રો ઈંડસ્ટ્રીની સંખ્યા વધારવાની રહેશે જેથી રોજગાર અહીં જ મળશે.



પોતાના સંબોધનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ખેતીની સાથે મત્સ્ય ક્ષેત્રમાં પણ અમારું ધ્યાન છે. પીએમ મોદીએ કહ્યું કે કોવિડ બાદ રેડી ટૂ ઈટ, રેડી ટૂ કુક જેવી પ્રોડક્ટની ડિમાન્ડ વધી ગઇ છે. પીએમ મોદીએ કહ્યું કે કિસાન રેલથી નાના ખેડૂતોને ફાયદો થયો છે. પીએમ મોદીએ કહ્યું કે હવે અલગ-અલગ જિલ્લાઓને જોડવા માટે કલસ્ટર બનાવવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે નાના ખેડૂતો ટ્રેક્ટર લઇ શકતા નથી, એવામાં ટ્રેક્ટરને ભાડે આપવાની સુવિધા પર ભાર મુકવામાં આવે. પીએમ મોદીએ કહ્યું કે માટીની તપાસને લઈને ખેડૂતોને જાગૃત કરવા જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કૃષિમાં પણ પ્રાઈવેટ સેક્ટરની ભાગીદારી વધે, ફક્ત બીજ સુધી જ નહી પરંતુ તેને આગળ વધારવું જોઈએ.

### ૧૫ દિવસથી કેન્દ્ર સરકાર મૌન, કંઇક મોટું થશે ચોક્કસઃ રાકેશ ટિકૈત

*ન્યુ દિલ્હી,તા.૧*

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે એવો આક્ષેપ કર્યો કે છેલ્લા કેટલાક દિવસથી કેન્દ્ર સરકારના મૌનથી એવો સંકેત મળી રહ્યો છે કે સરકાર ખેડૂત આંદોલનની સામે કંઈક રુપરેખા તૈયાર કરી રહી છે.

રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતો સાથે ફરી વાતચીત કરવા માટે સરકારે જ પહેલ કરવી પડશે. તેમણે કહ્યું કે ૧૫-૨૦ દિવસથી કેન્દ્ર સરકારથી ખામોશી સૂચવી રહી છે કે કંઈક મોટું થવાનું છે. સરકાર આંદોલનની સામે કંઈક રુપરેખા બનાવી રહી છે. ટિકૈતે કહ્યું કે જયાં સુધી ઉકેલ નહીં આવે ત્યાં સુધી ખેડૂતો પાછા જવાના નથી. ખેડૂતો તૈયાર છે તેઓ ખેતીનું પણ ધ્યાન રાખશે અને આંદોલન પણ ચાલુ રાખશે.

ત્રણ કૃષઇ કાયદા અંગે ખેડૂતો દ્વારા ઠેકઠેકાણે ઊભા પાકને નાશ કરવાના સંબંધી સવાલ પર ટિકૈતે કહ્યું કે આવું પગલું ભરતું અટકાવવા માટે કોઈ અપીલ કેમ કરી રહ્યું નથી.

### ગેસ સિલિન્ડરનો ભાવ ૭૯૪થી વધીને ૮૧૯ રૂપિયા થયો

## મોંઘવારીનો ડબલ ડોઝઃ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધુ ૨૫ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૧

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સબસિડીવાળા ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં પહેલી માર્ચથી એટલે કે આજથી ફરી ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ ૧૪.૨ કિગ્રા વજનવાળા એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ હવે વધીને ૭૯૪ રૂપિયાથી ૮૧૯ રૂપિયા થઈ ગયા છે. અગાઉ ૨૫ ફેબ્રુઆરીના રોજ પણ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ તરફ કોલકાતામાં સબસિડીવાળા અને કોમર્શિયલ એમ બંને પ્રકારના ગેસ સિલિન્ડરની કિંમત વધી ગઈ છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાના વધારા બાદ હવે તેની કિંમત ૮૪૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે જયારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલી ડિસેમ્બરથી લઈને અત્યાર સુધીમાં એલપીજી ગેસ સિલિન્ડર ૨૨૫ રૂપિયા મોંઘા થયા છે. પહેલી ડિસેમ્બરના રોજ એલપીજી ગેસની કિંમત ૫૯૪ રૂપિયાથી વધીને ૬૪૪ રૂપિયા થઈ ગઈ હતી. ત્યાર બાદ પહેલી જાન્યુઆરીના રોજ ૬૪૪ રૂપિયાથી વધીને ૬૯૪ રૂપિયા થઈ ગઈ હતી. બાદમાં ૪ ફેબ્રુઆરીએ ૬૯૪ રૂપિયાથી ૭૧૯ રૂપિયા અને તેના પછી ૧૫ ફેબ્રુઆરીએ ૭૧૯ રૂપિયાથી ૭૬૯ રૂપિયા થઈ ગઈ.

ત્યાર બાદ ૨૫ ફેબ્રુઆરીના રોજ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો જેથી તેની કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઈ ગયેલી. હવે પહેલી માર્ચના રોજ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો તે સાથે જ તેની વર્તમાન કિંમત ૮૧૯ રૂપિયા થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, સરકાર પ્રત્યેક ઘર દીઠ ૧૨ સિલિન્ડર (૧૪.૨ કિગ્રાના) સબસિડી પર આપે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યાઃ૪૨૭
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૭૦૩૧૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૦૧
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૩૬૦
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૬૩૫૭૬

### આવતા મહિને વિધાનસભાની ચૂંટણી પહેલા સરકારનો મોટો નિર્ણય

## કોરોના કેસોમાં વધારો થતા તમિલનાડુમાં લોકડાઉન ૩૧ માર્ચ સુધી લંબાવાયું

ચેન્નાઈ,તા.૧

કોરોના વાયરસના ચેપના કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને તામિલનાડુમાં લોકડાઉનનો સમયગાળો ૩૧ માર્ચ સુધી વધારવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ આદેશની સાથે કોરોના માર્ગદર્શિકાનું પાલન કરાવાની જવાબદારી જિલ્લા વહીવટીતંત્રને સોંપી છે. આવતા મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીની વચ્ચે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારે લોકોને જરૂરી તમામ સાવચેતી રાખવાની સૂચના જારી કરી છે. તામિલનાડુમાં કોવિડના કેસોમાં અચાનક વધારો થયો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોવિડ -૧૯ના ૫૨૧ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે ૫ લોકોનાં મોત પણ થયાં છે. સોમવારથી દેશમાં કોરોના રસીકરણના બીજા તબક્કાની શરૂઆત સાથે ઘણા રાજ્યોમાં વધતા જતા કેસો ચિંતાનું કારણ બની રહ્યા છે. તામિલનાડુ ઉપરાંત મહારાષ્ટ્રમાં પણ સતત વધી રહેલા દર્દીઓને કારણે ભય વધ્યો છે. ઘણા વિસ્તારોમાં કર્ફ્યુનો સમયગાળો વધારવામાં આવ્યો છે. તામિલનાડુમાં અગાઉનો લોકડાઉન સમયગાળો ૨૮ ફેબ્રુઆરી સુધીનો હતો. નવા આદેશમાં કોઈ કડક નિયમ બનાવવામાં આવ્યો નથી, પરંતુ કેન્દ્ર સરકારની એડવાઈઝરીનું પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. જરૂર પડે તો કલમ ૧૪૪ લાદવાની સૂચના પણ આપવામાં આવી છે.

### કોરોના કેસો વધતાં મુખ્યમંત્રીએ લોકડાઉનના સંકેત આપ્યા

## મહારાષ્ટ્રમાં લોકડાઉન લગાવવા નથી માંગતો પરંતુ મજબુરી છેઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઇ,તા.૧

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સમગ્ર રાજયમાં ગયા વર્ષની જેમ ફરીથી કોરોના-લોકડાઉન લાગુ કરવાના મામલે એક સંકેત આપ્યો છે. એમણે કહ્યું છે કે, 'રાજયમાં ફરી લોકડાઉન લાગુ થાય એવું હું ઈચ્છતો નથી, પરંતુ મજબૂરી પણ એક કારણ હોય છે.' આમ છતાં, ઠાકરેએ જનતાને ખાતરી આપી છે કે પોતે કોરોના વાઈરસના કેસોની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. રાજયમાં ફરી લોકડાઉન ટાળવું હોય તો લોકો માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સ સહિતના કોવિડ-૧૯ નિયમોનું પાલન કરે. મુંબઈમાં ગઈ કાલે એક જ દિવસમાં કોરોનાના નવા ૧,૦૫૧ કેસ નોંધાયા હતા અને પાંચ જણનું મૃત્યુ થયું હતું. પુણે



શહેરમાં ૧૪ માર્ચ સુધી સ્કૂલ, કોલેજ, ખાનગી કોચિંગ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા છે. રાતનો કર્ફ્યૂ પણ ૧૪-માર્ચ સુધી લંબાવી દેવાયો છે.

છેલ્લા અઠવાડિયાથી મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં રવિવારે કોવિડ -૧૯ ના આઠ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે જયારે ૨૪ કલાકમાં ૬૨ લોકોનાં મોત નીપજ્યાં છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૫૨,૧૫૪ લોકો કોરોના વાયરસને કારણે મૃત્યુ પામ્યા છે. રવિવારે કોરોના વાયરસના ૮,૨૯૩ નવા કેસ નોંધાયા છે, આ પાંચમો દિવસ છે જયારે રાજયમાં આઠ હજારથી વધુ કોરોના કેસ નોંધાયા છે.

## તંત્રી સ્થાનેથી...

# વિધાન સભાની ગુંજ.....

દેશમાં વધી રહેલા કોરોના ના નવા કેસોની સંખ્યા ૧૬ હજારને પાર થઈ ગઈ છે જેમાં મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોના સંક્રમિતો કેસોની ઝડપ વધી ગઈ છે તે સાથે વિધાન સભામાં ૨૫ પોઝીટીવ મળી આવતા તરખાટ મચી ગયો છે.ગુજરાતમા સ્વરાજ્ય સંસ્થાઓ પૈકી છ મહાનગરપાલિકાના પરિણામો આવવા સાથે કોરોના ના નવા કેસોની સંખ્યા વધવા લાગતા ૪૦૦ ને પાર થઈ જવા પામી છે જેમાં અમદાવાદમા કોરોનાના નવા કેસોની સંખ્યા વધતી જતા માઈક્રો કન્ટેઈનમેન્ટ વિસ્તારોની સંખ્યામાં પણ વધારો થયો છે તે સાથે આમ પ્રજા માટે કોરોના ટેસ્ટ માટે ડોમ શરૂ કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં ત્રીજા તબક્કાનું કોરોના રસીકરણ અભિયાન શરૂ થઈ ગયું છે. જ્યારે કે બીજા તબક્કાનું રસીકરણ પૂર્ણ થવા તરફ છે. સરકાર દ્વારા શહેરોના કર્ફ્યુ દિવસમાં ૧૫ દિવસ લંબાવી દીધું છે જ્યારે કે રાજ્ય સરકારે રાજ્યમાં કોરોનાની વધતી સંખ્યા જોઈને વિધાનસભાના બજેટ સત્રમાં આમ પ્રજા માટે પાબંધી જાહેર કરીને વિધાનસભા ગૃહમાં કોરોના નિયમ અનુસાર મંત્રીઓ, ધારાસભ્યો, અધિકારીઓ, પત્રકારો માટે બેઠક વ્યવસ્થા કરી છે જેમાં ડિસ્ટન્સ,માસ્ક બાબતને મહત્વ આપવામાં આવ્યું છે. તે સાથે ગૃહમાં દરેક પ્રવેશ કરનાર માટે કોરોના નેગેટિવ રિપોર્ટ ફરજિયાત કરી દેવામાં આવ્યો છે.

વિધાનસભા ગૃહમાં બેઠક ડિસ્ટન્સ જાળવવા કારણે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો માટે ગૃહના ફ્લોર પર તેમજ ગૃહની પ્રેક્ષક ગેલેરીઓમા બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે તો અધિકારીઓને ગેલેરીમાં એક વચ્ચે એક બેઠક છોડીને બેઠક વ્યવસ્થા કરવામાં આવે છે. “આજે ગુજરાત વિધાનસભાના બજેટસત્રના પ્રથમ દિવસે ગૃહમાં આવેલ મંત્રીઓ ભાજપ- કોંગ્રેસના ધારાસભ્યોએ હસ્તધુનન નહી કરતા એકબીજાને હાથ જોડી નમસ્કાર કરવા સાથે ડિસ્ટન્સ જાળવી એક બીજાના ખબર અંતર પૂછતા જોવા મળ્યા હતા. બાદમાં રાજ્યપાલશ્રી બાર વાગ્યે ગૃહમાં આવતા સભ્યોએ તેમને આવકાર આપ્યો હતો અને રાજ્યપાલશ્રી એ વિધાનસભા ગૃહને સંબોધન શરૂ કર્યું હતું જે એક કલાક ૨૦ મિનિટ સુધી ચાલ્યું હતું પરંતુ આશ્ચર્યની બાબત એ હતી કે તેમનું નિવેદન પૂરું થયા બાદ ગૃહમાં વિરોધ પક્ષ અગાઉની જેમ કોઈ વિરોધ ન કર્યો કે ન હોહા કરી હતી.ગૃહને સંબોધી ગૃહમાંથી વિદાય થતાં રાજ્યપાલશ્રીને ગૃહ સભ્યોએ તાલીઓના ગડગડાટ વચ્ચે વિદાય આપી હતી.

### રાહુલ ગાંધીનો અનોખો અંદાજ, માત્ર ૯ સેકન્ડમાં ૧૩ પુશ અપ્સ લગાવ્યા

# મોદી-RSSને નહી કરવા દઈએ તમિલ સંસ્કૃતિનું અપમાન: રાહુલ ગાંધી

કન્યાકુમારી,તા.૧

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી તમિલનાડુની મુલાકાતે ગયા હતા. રાહુલે સોમવારના કન્યાકુમારીમાં રોડ શૉ નીકાળ્યો, પરંતુ ત્યારબાદ રાહુલ ગાંધીનો એક અલગ અંદાજ જોવા મળ્યો. કન્યાકુમારીમાં રાહુલ ગાંધીએ યુવા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સાથે વાત કરી. આ દરમિયાન રાહુલ ગાંધી એક યુવા વિદ્યાર્થિની સાથે પુશઅપ કરતા જોવા મળ્યા. રાહુલ ગાંધીએ અહીં બાળકો સાથે વાતચીત કરી. આ દરમિયાન રાહુલે એક વિદ્યાર્થી સાથે આઈકિડો પરફોર્મ કર્યું.

રોડશો દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનમાં તમિનના લોકો પ્રત્યે સમ્માન નથી. આપણે મોદી અને ઈજીજીને તમિલ સંસ્કૃતિનું અપમાન નહી કરવા દઈએ.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે, દિલ્હીમાં સરકાર તમિલની સંસ્કૃતિનું સમ્માન નથી કરતી. તેમની પાસે એક મુખ્યમંત્રી(પલાનીસ્વામી) છે જે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. વડાપ્રધાન જે કહે છે તેમ તે કરે છે. એક દેશ, એક સંસ્કૃતિ, એક ઈતિહાસ, તો હું પુછવા માંગું છું કે શું તમિલ સંસ્કૃતિ ભારતીય નથી. એક ભારતીય હોવાના નાતે મારી જવાબદારી છે કે આપણે મોદી અને ઈજીજીને તમિલના લોકોનું અપમાન નહી કરવા દઈએ.

આઈકિડો બતાવ્યા બાદ રાહુલ ગાંધીને એક વિદ્યાર્થિનીએ પુશઅપ કરવાની અપીલ કરી, ત્યારબાદ રાહુલ ગાંધીએ સ્ટેજ પર જ વિદ્યાર્થિની સાથે પુશઅપ કર્યા. જે વિડીયો સામે આવ્યો છે તેમાં રાહુલ ગાંધીએ ૯ સેકન્ડમાં નૉનસ્ટોપ ૧૩ પુશઅપ્સ કર્યા. રાહુલ ગાંધીએ પહેલા પુશઅપ લગાવ્યા અને ત્યારબાદ વિદ્યાર્થિનીને એક હાથે પુશઅપ લગાવવા કહ્યું. રાહુલ ગાંધીએ પણ એક હાથે પુશઅપ કર્યા. રાહુલ ગાંધીએ જે વિદ્યાર્થિની સાથે પુશઅપ્સ ચેલેન્જ કરી એ દશમા ધોરણની વિદ્યાર્થિની છે અને તેનું નામ મેરોલિન શેનિધા છે.

ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત દક્ષિણના રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા છે, પોંડિચેરી, કેરળ અને હવે તમિલનાડુ. જ્યાં રાહુલનો અલગ જ અંદાજ જોવા મળી રહ્યો છે. થોડાક દિવસ પહેલા કેરળમાં રાહુલ ગાંધી માછીમારો સાથે સમુદ્રમાં ગયા હતા અને તેમણે માછીમારોની સમસ્યા જાણી. રાહુલ ગાંધીએ માછીમારો સાથે નાવમાં દરિયામાં સફર કરી અને એટલું જ નહીં રાહુલ દરિયામાં પણ કૂદ્યા અને માછીમારો સાથે તરતા જોવા મળ્યા.



બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે સોમવારે પટનાની IGIMS હોસ્પિટલમાં કોરોના વેક્સિન લગાવી છે. નોંધનીય છે કે બિહારમાં નીતીશ સરકારે દરેકને ફ્રીમાં વેક્સિન આપવાની જાહેરાત કરી છે.



ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે રણ સોમવારે કોરોના વેક્સિનનો પહેલો ડોઝ લગાવ્યો છે.

## મિસ ઇન્ડિયા દિલ્હી-૨૦૦૧૯નો ખિતાબ જીતનાર માનસી સહેગલ આપમાં જોડાઇ

ન્યુ દિલ્હી,તા.૧

મિસ ઈન્ડિયા દિલ્લી ૨૦૧૯ ખિતાબની વિજેતા રહેલી માનસી સહેગલ સોમવારે આમ આદમી પાર્ટીમાં શામેલ થઈ ગઈ. પાર્ટી નેતા રાઘવ ચઢ્ઢાએ તેને પાર્ટીનુ સભ્યપદ અપાવ્યુ. માનસી સહેગલે દિલ્લી પબ્લિક સ્કૂલ, દ્વારકામાંથી શાળા શિક્ષણ પૂરુ કર્યા બાદ નેતાજી સુભાષ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી સાથે બીટેક કર્યુ છે. એફબીબી કલર્સ ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૯ના ઓડિશન્સ દરમિયાન માનસીએ કહ્યુ હતુ કે તે સમાજસેવી બનવાની ઈચ્છા ધરાવે છે. માનસી એક સ્ટાર્ટઅપ પણ ચલાવે છે. પોતાની ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ પર તેણે ખુદને ફેમિના મિસ ઈન્ડિયા દિલ્લી ૨૦૧૯, ટેડેક્સ સ્પીકર, એન્જિનિયર અને ઉદ્યમી ગણાવી છે. માનસી આવનારા ૨ વર્ષોમાં ૬ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીની તૈયારીઓને મજબૂત કરવાનુ કામ કરશે. આમ આદમી પાર્ટીએ ગયા વર્ષે જાન્યુઆરીમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાંખંડ, ગોવા, પંજાબ, હિમાચલ પ્રદેશ અને ગુજરાતાં યોજાનાર વિધાનસભા ચૂંટણી લડવાનુ એલાન કર્યુ હતુ.

### દિવસના અંતે સેન્સેક્સ ૪૯,૮૪૯ની સ્તરે બંધ

# સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૭૫૦ અંક ઉછળ્યો

*મુંબઈ,તા.૧*

સપ્તાહના પહેલા દિવસે એટલે કે સોમવારે શેર બજાર માં ફરી તેજી જોવા મળી હતી. દિવસના અંતે આજે બીએસઈના ૩૦ શેર વાળા પ્રમુખ ઈંડેક્સ સેંસેક્સ ૭૪૯.૮૫ પોઈન્ટની મજબૂતી સાથે ૪૯,૮૪૯.૮૪ના સ્તરે બંધ થયો હતો. જયારે એનએસઈના ૫૦ શેર વાળા પ્રમુખ ઈંડેક્સ નિફ્ટી ૨૩૨.૪૦ પોઈન્ટના વધારા સાથે ૧૪,૭૬૧.૫૫ના સ્તરે બંધ થયો હતો. આજે બિઝનેસની શરૂઆતમાં જ સેન્સેક્સ ૬૪૭.૭૨ પોઈન્ટની મજબૂતી સાથે ૪૯,૭૪૭.૭૨ના સ્તરે ખુલ્યો હતો. જયારે નિફ્ટી પણ ૨૩૨.૪૦ પોઈન્ટના વધારા સાથે ૧૭૩.૩૫ પોઈન્ટની મજબૂતી સાથે ૧૪,૭૦૨.૫૦ના સ્તરે ખુલ્યો હતો.

જણાવી દઈએ કે વિદેશી બજારમાંથી મળેલા નિરાશાજનક સંકેતોથી શુક્રવારે ભારતીય શેર બજારમાં મોટા પ્રમાણમાં વેચાણ જોવા મળ્યું હતું. સેંસેક્સ ૧૯૩૯ પોઈન્ટના ઘડાકા સાથે ૪૯,૧૦૦ની આસપાસ પહોંચી ગયો હતો જયારે નિફ્ટી પણ ૫૬૮ પોઈન્ટથી વધારે તુટીને ૧૪,૫૨૯ના સ્તરે પહોંચી ગયો હતો. આજે બિઝનેસના અંતમાં દીપક નાઈટ્રેટ, આઈઆરસીટીસી, મદરસનમી, ઈન્ટરેટનમેન્ટ, ગુજરાત ગેસ, ભારત ઈલેક્ટ્રિક, પાવર ગ્રિડ કોર્પોરેશન, બર્જન પેંટ્સ, ગ્રેન્યુએલ ઈન્ડિયા, ગ્રાસિમ, ઓએનજીસી, નવીન ફ્લૂરીન, અપોલો ટાયર્સ, યૂપીએલ, નિપ્પોન, શ્રી સીમેંટ્સ, અલ્ટ્રાટેક સીમેંટ, એલ્કેમ લેબ, હીરો મોટો કોર્પ. એશિયન પેંટ્સ. કોટક મહિંદ્રા, ઈંટરગ્લોબ એવિએશન, શ્રીરામ ટ્રાન્સપોર્ટ, ટીવીએસ મોટર, વેદાંતા ટાટા પાવર મજબૂતી સાથે બંધ થયા હતા. તો બીજી બાજુ ભારતી એરટેલ, બેંક ઓફ બરોડા, વોડાફોન, આઈડિયા, ઈંડ્સ ટાવર્સ, બંધન બેંક, એસ્કોર્ટ્સ, એલએનજી, મૈક્સ ફાઈનેંશિયલ, ફેડરલ બેંકના શેર નુકસાની સાથે બંધ થયા હતા.

શુક્રવારે અમેરિકાનું બજાર ડાઉ જોન્સ ૧.૫૦ ટકા ઘટાડા સાથે ૪૬૯.૬૪ અંક નીચે ૩૦૯૩૨.૪૦ પર બંધ થયું હતું. જોકે અમેરિકામાં નેસ્ડેક ૦.૫૬ ટકા વધારા સાથે ૭૨.૯૬ અંક ઉપર ૧૩૧૯૨.૩૦ પર બંધ થયું હતું. બીજી તરફ, એસએન્ડપી ૦.૪૭ ટકા વધારા સાથે ૧૮.૧૯ અંક નીચે ૩૮૧૧.૧૫ પર બંધ થયો હતો. ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૦.૪૮ ટકા વધારા સાથે ૧૭.૦૨ અંક ઉપર ૩૫૨૬.૧૦ પર બંધ થયો હતો.

# વડાપ્રધાન મોદીએ કોરોના વેક્સિન લેતાં જ ભાજપ-કોંગ્રેસ વચ્ચે વાક્યુદ્ધ શરૂ

ન્યુ દિલ્હી,તા.૧

ભારત બાયોટેકની સ્વદેશી કોરોના વેકસીન કોવેક્સીન પર વિપક્ષોએ તાજેતરમાં સવાલો ઉઠાવ્યા હતા. જોકે પીએમ મોદીએ આજે આ જ વેક્સીન મુકાવી છે ત્યારે તેના પર કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ નિવેદન આપ્યુ છે. અધીર રંજન ચૌધરીએ કહ્યુ હતુ કે, કદાચ વૈજ્ઞાનિકોએ પીએમ મોદીને ખાતરી આપી હશે કે હવે કોવેક્સીન લગાવવામાં કોઈ જોખમ નથી અને એટલે જ પીએમ મોદીએ હવે રસી મુકાવી છે.

જોકે ચૌધરીએ કહ્યુ હતુ કે, અમે કોવેક્સીન અંગે અમારા તરફથી કોઈ અભિપ્રાય આપ્યો નહોતો. સરકારી કમિટીએ તેનો વિરોધ કર્યો હતો. સરકાર દ્વારા બનાવાયેલી કમિટીના રિપોર્ટમાં કોવેક્સીન અંગે સવાલ ઉઠાવાયો હતો. દિલ્હીમાં એક ડોક્ટરે તેને નકારી પણ કાઢી હતી. હવે કદાચ વૈજ્ઞાનિકોએ કહ્યુ હશે કે, વેક્સીનથી હવે કોઈ ખતરો નથી એટલે પીએમ મોદીએ વેક્સીન લીધી હતી. અમારી પાર્ટીના કોઈ નેતાએ કે સાંસદે એમ પણ કહ્યુ નથી કે, અમારે પહેલી વેક્સીન લેવી જરુરી છે અથવા તો અમને પહેલા બચાવો.

# નીતિશ કુમારે ચૂંટણી વચન પાળ્યું: બિહારના તમામ લોકોને ફ્રીમાં કોરોના વેક્સિન આપશે

*પટના,તા.૧*

કોરોના વૅક્સીનેશનને લઈને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારનું મોટું નિવેદન આવ્યું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યુ કે, સમગ્ર બિહારમાં દરેકને નિ:શૂલ્ક કોરોના વૅક્સિનેશન કરવામાં આવશે. ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોના વૅક્સિનની સુવિધા મફત પૂરી પાડવામાં આવશે.

બિહાર સરકાર તરફથી ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોના વૅક્સિનેશન ફ્રીમાં થાય, તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. નીતિશકુમારે જણાવ્યું કે, આ મામલે ગઈકાલે જ એક બેઠક થઈ હતા.

અનેક ડિપાર્ટમેન્ટની સાથે વરિષ્ઠ અધિકારીઓ સાથે આ મુદ્દા પર ચર્ચા થઈ છે. કોરોના વૅક્સિનેશન ફ્રી કરવાને લઈને સમીક્ષા પૂરી કરી લેવામાં આવી છે. જેમાં નક્કી કરવામાં આવ્યું છે કે, IGIMSમાં જ વૅક્સિન આપવામાં આવશે. આ સિવાય અન્ય ઠેકાંણે પણ વૅક્સિનની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. બિહાર વિધાનસભા અને વિધાન પરિષદમાં પણ વૅક્સિનેશનની વ્યવસ્થા કરવામાં આવશે. જો કે આજે જ અમે અમારી વૅક્સીન મૂકાવી રહ્યાં છે. જણાવી દઈએ કે, બિહાર વિધાનસભા ચૂંટણી દરમિયાન દ્ભઙ્ઘછ દ્વારા રાજયની પ્રજાને નિ:શૂલ્ક કોરોના વૅક્સીન પૂરી પાડવાનું વચન આપ્યું હતુ. હવે નીતિશ કુમારની સરકારે પોતાનો વાયદો પૂરો કરવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે પણ કોરોના વૅક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે.

# સરકારી જમીનની ફાળવણીનાં નામે બિલ્ડર સાથે કરોડોની ઠગાઈ કરનાર ૧ ઝડપાયો

સુરત,તા.૧

કતારગામના બિલ્ડરને નવસારીના સિસોદ્રા ગામમાં સરકારી જમીનની ફાળવી આપવાની વાત કરી નાયબ ક્લેક્ટર અને રેવન્યુ વિભાગના સેક્સન અધિકારી તરીકેની ઓળખ આપનાર એક મહિલા સહિત બે જણા વિરૂધ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાઈ છે. બિલ્ડરને ગાંધીનગરમાં પણ કેટલાક લોકો સાથે મુલાકાત કરાવી રૂ.૧ કરોડ લઈ લીધા હતા. બનાવ સંદર્ભે બિલ્ડરે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટનામાં સંડોવાયેલા આરોપી રામદેવસિંહની ધરપકડ કરી છે.

કતારગામ સિંગણપોરા રોડ અશોકનગર સોસાયટીમાં રહેતા ગુણવંત વલ્લભ આંબલીયા જમીન લે-વેચ તેમજ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગુણવંત આંબલીયાની સને ૨૦૧૬માં તેના વકિલ મિત્ર નિલેષની ઓફિસમાં રામદેવસિંહ લક્ષ્મણ ઉમટ સાથે મુલાકાત થઈ હતી. રામદેવસિંહે તેની ઓળખ ગાંધીનગરમાં રેવન્ય વિભાગમાં સેક્સન અધિકારી તરીકે આપી પોતાનું આઈકાર્ડ બતાવ્યું હતું. તેમજ જમીનને લગતા સરકારી કામ કરું છું જો કોઈ કામ હોય તો મને જણાવજો એમ કહ્યું હતું. દરમિયાન પાંચેક દિવસ બાદ ફરીથી રામદેવસિંહ ઓફિસમાં મળ્યા હતા અને નવસારી જીલ્લાના સીસોદ્રા (ગણેશ) ગામની તળાવની સરકારી જમીન ફાળવણી કરાવી આપવાની વાત બિડર ગુણવંત આંબલીયાને કરી હતી. ગુણવંત આંબલીયાએ જમીન ખરીદવા તૈયારી પણ બતાવી હતી.

રામદેવસિહે જમીન ફાળવણી કરી આપવા માટે રૂ. ૩ કરોડનો ખર્ચ થશે અને ૧ કરોડ જમીનની ફાળવણી અંગેની માંગણી કરતી અરજી કરવાની સાથે ચુકવાના રહેશે. એવું જણાવી જમીન ફાળવણીની પ્રક્રિયા એક વર્ષમાં પુરી કરી આપવાની વાત કરી હતી. ત્યારબાદ બિલ્ડર ગુણવંત આંબલીયાની રામદેવસિહ અડાજણ સ્ટાર બજાર પાસે નેહા પટેલ નામની મહિલા સાથે – મુલાકાત કરાવી હતી. નેહાએ તેની ઓળખ ડેપ્યુટી કલેક્ટર અને હાલમાં ફરજ મોકુફ હોવાનું જણાવી આઈકાર્ડ બતાવી હું એક અધિકારી છુ તમે ચિંતા કરતા નહીં તમારુ ક્યારેય ખોટું નહી થવા દઉ, હું સચિવો સાથે મળી કામ કરુ છું અને હું તમારુ એક કામ કરાવું પછી આપણે બીજા કામ કરીશુ અને હું ગાંધીનગર ખાતેના કમલેશ પરમાર સાહેબ, શિક્ષણ વિભાગ સોની સાહેબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતીના માજી ચેરમેન તથા પંડ્યા સાહેબ અને મહેસુલ વિભાગના સચિવો સાથે મળી કામ કરુ છુ. તમે વિશ્વાસ રાખજો તેમ કહી ભરોસો કેળવી લીધો હતો. બિલ્ડરને વિશ્વાસમાં લઇ ટુકડે ટુકડે કરી એક કરોડ મેળવી લીધા હતા. ૨૦૧૭ સુધીમાં કામ – પુર્ણ કરી દેવાનું હતું. જોકે દિવાળી વેકેશન પછી જમીનની જંત્રીનો ઓર્ડર નહીં મળતા ગુણવત આંબલીયાને ગાંધીનગર બોલાવ્યા હતા. જ્યાં સચિવાલયમાં શિક્ષણ વિભાગની ઓફીસમાં કમલેશ પરમાર સાથે મિટીંગ કરી હતી.

### સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.રજનીશ પટેલનું નિવેદન

# ગુજરાતમાં હજુ સુધી ૬૦ ટકા લોકો કોરોનાથી સંક્રમિત થયા જ નથી

અમદાવાદ,તા.૧

દેશભરમાં ફેલાઇ રહેલા કોરોના સંક્રમણ વચ્ચે અમદાવાદમાં એએમસીએ કરેલા શિરો સર્વે સામે મોટો પ્રશ્નાર્થ ઉભો થયો છે. કોરોના મહામારી કેટલા લોકો સુધી પહોંચી અને કયા વિસ્તારોમાં સૌથી વધારે અસર જોવા મળી. આવી રીતે પાછલા દિવસોમાં અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં સર્વે કરાવવામાં આવ્યો હતો. તે પછી હવે શિરો સર્વેનો રિપોર્ટ સામે આવ્યો છે, પરંતુ આ રિપોર્ટને લઈને અનેક સવાલો ઉભો થયો છે. એએમસીએ કરેલા શિરો સર્વેને લઈને ઉભો થયેલા પ્રશ્નાર્થ મામલે અસારવા સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડૉ.રજનીશ પટેલનું એક નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે શિરો સર્વે માટે ૬૦%થી વધુ લોકોના સેમ્પલ અનિવાર્ય હોય છે. ગુજરાતમાં હજુ સુધી ૬૦% લોકો સંક્રમિત જ થયા નથી. એટલું જ નહીં રાજ્યમાં હર્ડ ઈમ્યુનિટી પણ ન બની હોવાનું કહેતા મોટો ખળભળાટ મચ્યો છે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા કોરોના મામલે કરાયેલ શિરો સર્વે સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. શિરો સર્વેમાં લેવાયેલ સેમ્પલની કામગીરી બિન જરૂરી છે. હર્ડ ઈમ્યુનિટીની તપાસ માટે શિરો સર્વે મહત્વ રૂપ કામગીરી નિભાવે છે. કોઈ પણ જગ્યાએ સર્વે કરાવીએ તો કુલ વસ્તીના ૬૦ ટકાથી વધુ લોકોના સેમ્પલ અનિવાર્ય બનતા હોય છે, પરંતુ શિરો સર્વેમાં આ શક્ય બન્યું નથી. જો રાજ્યની ૬૦ ટકા વસ્તી સંક્રમિત થઈ હોય તો જ હર્ડ ઈમ્યુનિટી વિકસિત થાય છે. પરંતુ રાજ્યમાં ૬૦ ટકા લોકો સંક્રમિત થયા જ નથી જેથી રાજ્યમાં હર્ડ ઈમ્યુનિટી બની જ નથી. શિરો સર્વેની કોઈ જ જરૂરિયાત રહેતી નથી. બીજી બાજુ જે લોકોના શરીરમાં એન્ટીબોડી મળી છે, તેનાથી સ્પષ્ટ છે કે, કોરોના આ લોકો સુધી પહોંચ્યો હતો પરંતુ શરીરમાં રહેલી ઈમ્યુનિટિથી તેમના પર કોઈ અસર જોવા મળી નહતી. એટલે એસિમ્પ્ટોમેટિક લોકો હતા. આનાથી પહેલા મુંબઈમાં થયેલા સીરો સર્વેમાં જાણકારી સામે આવી હતી કે, મુંબઈના સ્લમ વિસ્તારોમાં ૫૭ ટકા અને નોન સ્લમ વિસ્તારોમાં ૧૬ ટકા લોકોમાં એન્ટીબોડી મળી હતી. નિષ્ણાતોનું માનવું છે કે, આનાથી હર્ડ ઈમ્યૂનિટી તૈયાર થવાનો રસ્તો પણ કહી શકીએ છીએ. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ એજ્યુકેશન પૂણે દ્વારા શિરો સર્વે પુણે શહેરના પાંચ વિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. આ વિસ્તારોમાં પણ મોટા પ્રમાણમાં વસ્તી રહે છે. જાણકારી અનુસાર, ૨૦ જૂલાઈથી ૫ ઓગસ્ટ વચ્ચે આ સર્વે કરવામાં આવ્યો છે.

# ૧૨ ઓક્ટોબરે મુંબઇમાં થયેલ બ્લેકઆઉટમાં ચીનનો હાથ હતો: અમેરિકાનો ખુલાસો

)વોશિંગ્ટન/ન્યુ દિલ્હી,તા.૧

લદ્દાખમાં ચાલી રહેલા તણાવની વચ્ચે ચીન પોતાના હેકર્સની મદદથી ભારતમાં બ્લેકઆઉટ કરાવાની ફિરાકમાં હતું. અમેરિકન મીડિયા ન્યૂયોર્ક ટાઈમ્સના એક અભ્યાસે દાવો કર્યો કે ચીની હેકર્સની ફોજે ઑક્ટોબરમાં પાંચ દિવસની અંદર ભારતના પાવર ગ્રીડ, આઈટી કંપનીઓ અને બેક્રિંગ સેક્ટર્સ પર ૪૦૫૦૦ વખત સાઈબર એટેક કરાવ્યો હતો. આ સ્ટડીમાં કહ્યું છે કે જૂનમાં ગલવાન ઘાટી અથડામણના ચાર મહિના બાદ ૧૨ ઑક્ટોબરના રોજ મુંબઈમાં થયેલા બ્લેકઆઉટમાં ચીનનો હાથ હતો.



વાત એમ છે કે આ ભારતના પાવર ગ્રીડની વિરૂદ્ધ એક મોટા ચીની સાઈબર અભિયાનના એક ભાગના કેમ્પેઈનનું પરિણામ હતું. ચીન એ જોવાની કોશિશમાં હતું કે જો સરહદ પર તેની વિરૂદ્ધ કાર્યવાહી કરીએ તો તે ભારતના અલગ-અલગ પાવરગ્રીડ પર મેલવેયર એટેક કરી તેને બંધ કરી દેશે. આ અભ્યાસમાં એ પણ કહ્યું કે એ દિવસોમાં ચીની મેલવેયર ભારતમાં વીજળીના સપ્લાયને નિયંત્રિત કરનાર સિસ્ટમસમાં ઘૂસી ચૂકયું હતું. જેમાં હાઈ વોલ્ટેજ ટ્રાન્સમીશન સબસ્ટેશન અને થર્મલ પાવર પ્લાન્ટ પણ સામેલ હતા.

અમેરિકાની સાઈબર સિક્યોરિટી કંપની રિકૉર્ડેડ ફ્યુચરના રિપોર્ટમાં ભારતની વીજળઈ સપ્લાય લાઈનમાં ચીનની ઘૂસણખોરીનો દાવો કરાયો છે. આ કંપની સરકારી એજન્સીઓની સાથે ઈન્ટરનેટના ઉપયોગનો અભ્યાસ કરે છે. કંપનીએ કહ્યું કે મોટાભાગના ચીની મેલવેયર કયારેય એક્ટિવેટ કરાયા નહોતા. જો રે રેકોર્ડેડ ફ્યુચર ભારતની પાવર સિસ્ટમની અંદર પહોંચી શકયા નહોતા આથી તેની તપાસ થઈ શકી નહીં.

રેકોર્ડેડ ફ્યુચરના ચીફ ઓપરેટિંગ ઓફિસર સ્ટુઅર્ટે સોલોમને કહ્યું કે ચીનના સરકારી હેકર્સી રેડ ઈકો નામની ફર્મે છાનામાન એ રીતે ભારતના એક ડઝનથી વધુ પાવર જનરેશન ટ્રાન્સમિશન લાઈનમાં ઘૂસણખોરી માટે એડવાન્સ સાઈબર હેકિંગ માટે તકનીકોનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કર્યો હતો. એ સમયે જ મુંબઈમાં પાવર ગ્રીડ ફેલ થવાથી વીજળી સપ્લાયમાં અડચણ ઉભી થઈ હતી. જો કે એ સાબિત કરી શકાયું નથી કે તેની પાછળ સાઈબર એટેક હતો કે કોઈ બીજું કારણ.

# ૨૦૨૪માં યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણી લડવાના ડોનાલ્ડ ટ્રમ્પના સંકેત

વોશિંગ્ટન,તા.૧

વ્હાઈટ હાઉસમાંથી નીકળ્યા બાદ પહેલી વખત જાહેરમાં સામે આવેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ચૂંટણીમાં પોતાની જીતની ખોટી વાતને ફરીથી દોહરાવી છે. તેમણે તેની સાથે જ ૨૦૨૪માં યોજાનાર આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ફરી એકવખત રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર બનવાનો સંકેત આપી દીધો છે. ફ્લોરિડામાં ૨૦૨૧ કંઝર્વેટિવ પોલિટિકલ એકશન કોન્ફરન્સમાં સામેલ ટ્રમ્પે કહ્યું કે આજે હું તમારી સામે આવ્યો છું એ જાહેરાત કરવા માટે કે ૪ વર્ષ પહેલાં જે અતુલનીય યાત્રાની આપણે શરૂઆત કરી હીત તે હજુ સમાપ્ત થઈ નથી. ઘણું બધું કરવાનું બાકી છે. આપણે અહીં આપણી મુવમેન્ટ, આપણી પાર્ટી અને આપણો પ્રેમ દેશના ભવિષ્ય અંગે વાત કરવા માટે ભેગા થયા છીએ.

ટ્રમ્પે પોતાની વાત શરૂ કરતાં પહેલાં કોન્ફરન્સમાં હાજર જનસભામાં પૂછયું- શું તમે મને મિસ કરો છો? અને પછી પોતાની વાત શરૂ કરી. ટ્રમ્પે સાથો સાથ સ્પષ્ટતા કરી કે તેઓ કોઇ નવી પાર્ટી બનાવા જઇ રહ્યા નથી. ટ્રમ્પે આ દરમ્યાન ચૂંટણીની પોતાની જુઠ્ઠી વાતો એકવાર ફરીથી કહી. તેમણે કહ્યું કે ડેમોક્રેટસ ચૂંટણી હારી ગયું હતું. કોને ખબર કે હું તેમને ત્રીજી વખત હરાવાનો નિર્ણય પણ લઇ શકું છું. તેની સાથે જ ટ્રમ્પે ૨૦૨૪ની પોતાની યોજના અંગે સંકેત પણ આપી દીધા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે ત્રણ પદ્ય રચના પ્રસિદ્ધ વિષય સવાર બપોર,સાંજ,રાત ...

..સંપર્ક સૂત્રો.......
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

ગદ્ય વિભાગ
Nog સાહિત્ય સરિતા ૧
NOG SS No. :: 0017
વિભાગ :: ટુંકી વાર્તા
શીર્ષક :: જિંદગીની ઝડપ

"બેટા કમલ, તારો મિત્ર આવ્યો છે તો ગાડી લઈને એક લટાર મારી આવો. એની પાસેથી ગાડી ચલાવતા શીખજે એટલે તને આવડી જ જશે. એનું ડ્રાઈવીંગ બહુ સરસ છે." કમલના પિતા પરસોતમભાઈએ હમણાં જ નવી ફોરવ્હીલ ગાડી લીધી હતી.

પરસોતમભાઈને ગાડી ચલાવતા આવડતી જ. પણ, કમલને પિતા પાસે ડ્રાઈવીંગ શીખવાની મજા નહોતી આવતી. એટલે એના મિત્ર સુહાસને ઘરે બે ચાર દિવસ રોકાવા બોલાવ્યો હતો. પિતાની મંજૂરી મળી જતાં જ કમલ અને સુહાસ બંને ગાડી લઈને નીકળી પડ્યા.

"થોડી સ્પીડ વધારને સુહલા.... શું આમ કાચબાની ગતિએ ચલાવી રહ્યો છે." કમલે થોડી મસ્તી કરતા કરતા ખોટો ગુસ્સો વ્યક્ત કર્યો.

"ના, યાર. તારે શરૂઆતમાં ધીમે ધીમે જ શીખવાની છે. ગાડીની સ્પીડ જરૂરિયાત પ્રમાણે જ રખાય. હાલ આપણે ક્યાં કોઈ ઉતાવળ છે?" સુહાસે પોતાના મિત્રની અળવીતરાઈ સારી રીતે જાણતો હોવાથી સાચી સલાહ આપીને સમજાવવાની નાનકડી કોશિશ કરી.

"ઠીક છે. ઠીક છે. હાલ તો ઠીક છે. પણ આપણે સરવડાથી રિટર્ન ફરીએ ત્યારે ડ્રાઈવીંગ હું કરીશ. ઓ...કે..." કમલે હંમેશાની જેમ જ સુહાસ પર પોતાની વાત ઠોકી બેસાડી.

"ઓકે બાબા ઓકે." સુહાસે સ્મિત ફરકાવતા જવાબ આપ્યો.

"કમલ, ગાડી ધીમી ચલાવ. જો તો ખરો આગળનો રસ્તો પણ કેટલો ખરાબ છે." કમલના હાથમાં ડ્રાઈવીંગ સોંપીને સુહાસ વારંવાર કમલને ધીમી ચલાવવા માટે કહી રહ્યો હતો.

"અરે બાબા... કંઈ ના થાય. જો તો કેટલી મજ્જા આવે છે. ફાસ્ટ ગાડી ચલાવવાની. તું તો જાણે રમકડાની ચલાવતો હોય એવું જ લાગતું હતું." કમલે પોતાની મજાક મસ્તીની સાથે સાથે ગાડીની સ્પીડ પણ વધારી.

ધડા........મ.... કમલને રસ્તા પર આવી રહેલો મોટો બમ્પર ન દેખાતા ગાડી બે ત્રણ પલ્ટી ખાઈ ગઈ.

પૂરઝડપે ચાલતી યુવાજિંદગીની બપોર માણવા, સવારે નીકળેલા બે સાથીદારોની સાંજ પડતા પહેલાં જ રાત પડી ગઈ.

બસ આ જ છે જિંદગીની ઝડપ.

તેજલ વઘાસીયા (ઉમરાળી,જૂનાગઢ)

---

NOG SS No ; 0055
વિષયઃ સવાર ,બપોર ,સાંજ
પ્રકાર : ગદ્ય
વાર્તા.

" આ પડખું ફરી એટલી જ વાર ...." અને અવની પડખું પણ ફરી ...આદિત્ય જાણે તેની પડખા ફરવાની જ રાહ જોતો હોય તેમ તેના અસ્તિત્વમાં ઉગી રહ્યો,અવની કલશથી સોહાય રહી તો લાલાશ જેવી શરમાઈ ગઈ... તેને આદિત્યને ઇશારાથી સમજાવ્યો... તેના ગર્ભમાં સૂતેલા બાળકો કેવા ઉછાળા મારતા હતા.... બસ, થોડી જ ક્ષણો...ત્યાં તો બધું જ રાબેતા મુજબ....નિત્યક્રમ પ્રમાણે ગોઠવાઈ રહ્યું...ધીમે ધીમે અવની આદિત્યની આગોશથી છૂટી થઈ ,એમ જ આદિત્ય પણ ધખવાનો ચાલુ થયો , રોજની જેમ જ...પણ આજે થોડું વધારે જ....હા .. એ અવની જ તો હતી જે આટલો પ્રેમ ખમી શકતી અને હસતાં મોઢે એ સોળે કળાએ ખીલેલા આદિત્યને પણ હસતા મોઢે વધાવતી...પણ આ છોકરાવનું શું?એ તો અકળાય ઉઠતા, અંતે અવની એમની મા તો ખરી ને?

એ પ્રેમથી તેના આદિત્ય સામે જોતી અને તેનું આ એક ઇજન મળતાં જ આદિત્ય બાવરો બની જતો.....ફરીથી તેની આગોશમાં જવા માટે...બસ , થોડી જ ક્ષણો..પછી બધું જ શાંત...

આ ક્ષણોથી લઈ અનંત યુગો સુધી....

આ અમર પ્રેમ..અજેય,અનંત અદ્વિતીય...........

શ્રદ્ધા ભટ્ટ વાપી

---

NOG SS No : 0022
વિષય : સવાર, બપોર અને સાંજ
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : ઉગ્યો સૂરજ

મયૂર કરોડપતિ માતાપિતાનું સંતાન આજે ઉમરગામ જેવા નાના શહેરમાં નોકરી કરી રહ્યો હતો. સવારે ફેક્ટરીમાં જવાનું અને સાંજે છ વાગે એટલે બાઈક લઈને દરિયાકિનારે બેસી જતો અને સાગરમાં સમાઈ રહેલા સૂરજને તાકી રહેતો. પાછલાં પાંચ વર્ષથી તેનો આ નિત્યક્રમ બની ગયો.

તેની નજીકમાં રહેતી અને કોલેજમાં ભણતી ઉમાને તેનામાં રસ પડ્યો. તેણે ઘણીવાર વાત કરવાના પ્રયત્ન કર્યા પણ મયૂરે તે બહુ નિર્દયતાથી કચડી કાઢ્યા. ઉમાની સખીઓ પણ તેની મજાક ઉડાડવા લાગી,"કેવા પથ્થરદિલને હૃદય આપી બેઠી છે જે પીગળવાનું નામ પણ નથી લેતો."

"એ ભલે પથ્થરદિલ હશે પણ એક દિવસ આવશે જયારે તેના હૃદયમાંથી પ્રેમની સરવાણીઓ ફૂટશે અને હું તેના પ્રેમમાં સરોબાર થઈ જઈશ."

"વાહ ઉમા, તું તો કવિતા કરવા માંડી." ઉમા ખરેખર મયૂરને ચાહવા લાગી હતી અને તેના માટે કવિતાઓ રચવા લાગી હતી. તેની કવિતાઓમાંથી મયૂર માટે ભારોભાર લાગણીઓ નીતરતી પણ તેની હિંમત ન ચાલી કે મયૂરને તે સંભળાવે. પણ એક દિવસ સાંજે તેણે હિંમત કરી.

મયૂર આમ જ સાંજે દરિયાકિનારે બેઠો હતો અને તે પાછળથી આવી અને તેની આંખો પોતાના નાજુક હાથથી બંધ કરી દીધી. અનાયાસ મયૂરના મુખેથી શબ્દો સરી પડ્યા,"સપના, આ તું છે?'

ઉમા ખિલખિલાટ કરતાં હસી પડી અને કહ્યું,"સપના કહો કે ઉમા હું તે જ છું, તારો પ્રેમ" એટલું કહીને તે સ્વરચિત કવિતા સંભળાવવા લાગી. તેના શબ્દોમાં કદાચ સપનાની ઝલક મળી રહી હતી તેથી મયૂરે તેને ન રોકી.

કવિતા પૂર્ણ થઈ ત્યારે મયૂરની આંખો પાણીથી ભરાયેલી હતી. તેણે કહ્યું,"મારી સપના અને હું અહીં ફરવા આવ્યા હતાં અને આ દરિયો એને ભરખી ગયો. ઈચ્છા તો એવી હતી કે મારી આંખોના તાપથી દરિયાને સુકવી દઉં પણ હું તો પામર જીવ છું, તેની સામે મારી શું વિસાત. પણ લાગે છે સાગરને મારી દયા આવી એટલે સપનાની જેમ કવિતા કરનારી તને મોકલી."

ઉમા તેનું દર્દ સમજી રહી હતી. તેને બોલવા દીધો, જ્યાં સુધી તેનો ઊભરો ન ઠલવાય ત્યાં સુધી બોલવા દીધો. અંતે ફક્ત એટલું જ કહ્યું,"તારા માટે હું સપના બનીને જીવવા તૈયાર છું." મયૂરના ચહેરા ઉપર સ્મિત હતું. તે ડૂબતા સૂરજને જોઈ રહ્યો હતો પણ ઉમા માટે તો સૂરજ ઉગી રહ્યો હતો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા,પાલઘર

# કમળ ખીલશે કે પંજાનો ઉદય થશે: આજે જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણીનું પરિણામ




ગાંધીનગર,તા.૧

૨૮ ફેબ્રુઆરીના રોજ રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૧૫ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતોની પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં આવતીકાલે એટલે મંગળવારે પરિણામ આવશે. જોવાનું એ રહેશે કે જે પ્રકારે છ મહાનગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો છે તે જ પ્રકારે ભાજપ જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓમાં કબ્જે કરે છે કે પછી કોંગ્રેસ બચેલી શાખને બચાવે છે. લોકોમાં મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો. તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં મનપા ચૂંટણી કરતા ભારે મતદાન થયેલું જોવા મળ્યું. ત્યારે જોવાનું એ રહેશે કે આ વખતે થયેલું આ ભારે મતદાન કોને ફાયદો કરાવશે. આ વખતે ગુજરાતમાં પહેલીવાર આમ આદમી પાર્ટીને પણ મનપા ચૂંટણીમાં બેઠકો મળી છે.

જેમાં તાલુકા પંચાયતો માટે સરેરાશ ૬૬.૬૦ ટકા મતદાન યોજાયું. જિલ્લા પંચાયતોની વાત કરીએ તો સરેરાશ ૬૫.૮૦ ટકા મતદાન જયારે નગરપાલિકાઓમાં ૫૮.૮૨ ટકા મતદાન થયું. વર્ષ ૨૦૧૫ની ચૂંટણીઓ કરતા મતદાનમાં સરેરાશ ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો. જયારે નગરપાલિકાઓની પેટાચૂંટણીમાં ૪૭.૬૩ ટકા અને તાલુકા પંચાયતોની પેટાચૂંટણીમાં ૬૮.૬૫ ટકા મતદાન થયું છે. સરેરાશ મતદાનની વાત કરીએ તો ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગર પાલિકાની ચૂંટણીમાં સરેરાશ ૬૩.૩૪ ટકા મતદાન થયું છે. સૌથી વધુ નર્મદામાં ૭૮ ટકા મતદાન થયું.

રાજ્યની ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકાની ચૂંટણીઓના પરિણામ ૨ માર્ચના રોજ આવશે. ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠકમાંથી ૧૧૭ બેઠક બિનહરીફ થઈ છે. ૮૧ નગરપાલિકાની ૨૭૨૦ બેઠકોમાંથી ૯૫ બેઠક બિનહરીફ થઈ છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકોમાંથી ૨૫ બેઠક બિનહરીફ થઈ છે.

# સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થાને એલઆઈસી તરફથી વાન ભેટ આપવામાં આવી




સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થા દેશ ના ૧૮ રાજ્યોમાં કેન્સર દર્દીઓનાં ઉત્થાન અને કેન્સર બાબતે જાગૃતિ ફેલાવવા કાર્યરત છે. ગુજરાત રાજ્યમા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ના પ્રાંગણમાં આવેલ કેન્સર હોસ્પિટલ ખાતે આ સંસ્થા દર્દીઓ ને માર્ગદર્શન અને કાઉન્સેલીગ નુ કાર્ય કરે છે તેમજ નજીકમાં આવેલ અભિષેક-૪ કોમ્પલેક્ષ મા દર્દીઓ માટે નિશુલ્ક વેલનેસ કેન્દ્ર ચલાવે છે.

સમગ્ર રાજ્યમા કેન્સર બાબતે જાગૃતિ આવે અને તંદુરસ્ત જીવનશૈલી દ્વારા કેન્સર થવાની શક્યતાઓ ઘટાડી શકાય એ અંગે સંદેશ ફેલાવી શકાય તે હેતુસર આ સંસ્થાને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ એક વાન દાન આપી. આ વાનને સુપ્રત કરવાનો સમારોહ તાજેતરમાં તા. ૨૬ ફેબ્રુઆરીએ યોજાયેલ હતો.

આ સમારોહમાં એલઆઈસી પશ્ચિમ ઝોન ના રીજિયોનલ મેનેજર શ્રી પાર્થ સેમલ ના વરદ હસ્તે સંજીવની સંસ્થાનાં અમદાવાદ ના કૉ-ઓર્ડીનેટર શ્રીમતી ઈલાબેન વોરાને આ વાનની સોંપણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માનવંતા મહેમાન તરીકે ગુજરાત કેન્સર હોસ્પિટલના નાયબ નિયામક શ્રીમતી પરિસીમા દવે તથા એલઆઈસી અમદાવાદ ના સિનિયર ડિવિઝનલ મેનેજર શ્રી રાજીબ બિશ્વાસ ખાસ નિમંત્રિત તરિકે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે શ્રીમતી ઈલાબેન વોરાએ જણાવેલ કે વાન મળવાથી રાજ્યભરમા સહેલાઇ થી જાગૃતિ કાર્યક્રમો યોજી શકાશે તેમજ એતરિયાળ વિસ્તારમાં પહોંચ વધશે. શ્રી પાર્થ સેમલે સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર ની પરપ્રવૃત્તિઓની પ્રશંસા કરતા જણાવેલ કે એલઆઈસી જનહિતમાં કાર્યરત છે અને આરોગ્યના ક્ષેત્રમાં મદદ કરવા તત્પર છે. આ પ્રસંગે કેન્સર ના દર્દીઓને કેન આહારનાં પોષક આહારનું વિતરણ પણ તેઓએ કરેલ હતુ.

આ કાર્યક્રમમાં શ્રી સંજીવ મારવાહ (માર્કેટીંગ મેનેજર), શ્રી ઉદય સુદુમ્બરકર (માર્કેટીંગ મેનેજર), શ્રી પ્રણવ દેસાઈ (મેનેજર - સેલ્સ) શ્રી નરેન્દ્ર મીના (માર્કેટીંગ - સેલ્સ), શ્રી નયન છાયા (એડ. ઓફીસર), શ્રી ઉદય વોરા સહિત અનેક મહાનુભાવો, ડોક્ટર્સ તેમજ સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સરના સદસ્યો ખાસ ઉપસ્થિત રહેલ.

# ચૌદમી વિધાનસભાના આઠમા સત્રના પ્રારંભ દિવસે શોકદર્શક ઉલ્લેખોમાં દિવંગત સભ્યશ્રીઓને ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીશ્રીની ભાવાંજલિ

## પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ સ્વ. શ્રીમાધવસિંહ સોલંકી અને સ્વ. શ્રીકેશુભાઈ પટેલે ગુજરાતના વિકાસને નવી દિશા આપી છે : મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી અને વિધાનગૃહના નેતાશ્રી વિજયભાઇ રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રથમ દિવસે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખને રજૂ કરીને પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. માધવસિંહ સોલંકી તેમજ સ્વ. શ્રી કેશુભાઇ પટેલ સહિતના ચાર પૂર્વ દિવંગત રાજ્યમંત્રીશ્રીઓ અને સાત પૂર્વ દિવંગત વિધાયકોને ભાવસભર અંજલિ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ રાજ્યમંત્રીઓ દિવંગત સર્વશ્રી સુંદરસિંહ ચૌહાણ, બાબરભાઇ તડવી, રજનીકાંત રજવાડી અને શ્રી રોહિતભાઇ પટેલના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી સદગત સભ્યોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. તેમણે વિધાન સભાના પૂર્વ દિવંગત વિધાયકશ્રીઓ સ્વ. દિનકરભાઇ દેસાઇ, શ્રીમતી ચંદ્રાબહેન શ્રીમાળી, ધારશીભાઇ ખાનપુરા, જોધાજી ઠાકોર, નરેશ કનોડિયા, મેઘજીભાઇ કણઝારીયા અને ભૂપેન્દ્રસિંહ ખાંટના નિધન અંગે પણ દુઃખ વ્યક્ત કરી આ સભ્યોને શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા.

ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. માધવસિંહ સોલંકીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમ્યાન ઉદ્યોગ, વીજળી, શિક્ષણ, સામાજિક કલ્યાણ તેમજ સાહિત્ય અને સંસ્કૃતિના ઉત્થાન દ્વારા વિકાસને નવી દિશા આપી હોવાનું સ્મરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના શરૂ કરનારા સ્વ. શ્રી માધવસિંહ સોલંકીએ કુશળ પ્રશાસક, દીર્ઘદૃષ્ટા અને ગ્રામજગતના ઉત્થાન માટે વિચક્ષણ રાજપુરુષ તરીકે આપેલું યોગદાન સદાકાળ સ્મરણીય રહેશે

મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી કેશુભાઇ પટેલને લોકનેતા તરીકેની ભાવસભર અંજિલ આપતા કહ્યું કે, ગોકુળગ્રામ યોજનાથી સર્વાંગી ગ્રામીણ વિકાસના પ્રણેતા સ્વ.કેશુભાઇ પટેલે કિસાન પુત્ર તરીકે ખેડૂતોના હિતો પ્રત્યે પણ સદાય સંવદેના દર્શાવી હતી. શ્રી વિજયભાઇ રૂપાણીએ પૂર્વમુખ્યમંત્રી શ્રી સ્વ. કેશુભાઇ પટેલે મચ્છુ હોનારત વેળાએ તેમજ ૨૦૦૧માં કચ્છના ભૂકંપ વખતે કરેલી ઉત્કૃષ્ટ કામગીરીનું પણ સાદર સ્મરણ કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે દીર્ઘકાલિન સેવાઓ આપનારા સ્વ.કેશુભાઇ પટેલે પોતાનું સમગ્ર જીવન ખેડૂત, ગામડા, સામાજિક ઉત્કર્ષ અને રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે ખપાવી દીધું હતું. મુખ્યમંત્રીશ્રીએ દિવંગત સ્વ.કેશુભાઇ પટેલના અવસાનથી રાજ્યના રાજકીય-સામાજિક જીવનમાં ન પૂરાય તેવી ખોટ પડી છે અને આપણે મૂઠી ઉંચેરા સંવેદનશીલ નેતા ગુમાવ્યા છે તેમ પણ ભાવસભર શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીશ્રીએ આ સૌ દિવંગત સભ્યોને સભાગૃહ વત્તી શ્રદ્ધાસુમન પાઠવતાં જનપ્રતિનિધી તરીકેની તેમની સેવાઓ અને લોકપ્રશ્નોને ગૃહમાં વાચા આપવાના દાયિત્વની સરાહના કરી હતી. વિધાનસભા અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, સત્તાપક્ષ અને વિપક્ષના ધારાસભ્યોએ પણ આ દિવંગત સભ્યોને આદરાંજલિ પાઠવતા શોક પ્રસ્તાવમાં ભાગ લીધો હતો. સમગ્ર સભાગૃહે બે મિનીટનું મૌન પાળીને સૌ પૂર્વ દિવંગત સભ્યોને અંજલિ આપી હતી અને શોકસંતપ્ત પરિવારો પ્રત્યે દિલસોજીની લાગણી વ્યક્ત કરી હતી.

### ગામનો વિકાસ નહિ થયો હોવાનુ કારણજણાવી મતદાન થી અળગા રહ્યા

# નાંદોદ તાલુકાના વાંદરીયા ગામના ગ્રામજનો તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીનો કર્યો બહિષ્કાર

રાજપીપળા,તા ૧

ગઈકાલે નાંદોદ તાલુકાના વાંદરિયા ગામમાં ગ્રામજનોએ ભેગા મળીને તાલુકા પંચાયતની ચૂંટણીમાં મતદાન નહીં કરવાનો સામૂહિક નિર્ણય લઈ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. અને જણાવ્યું હતું કે અમારા ગામનો વર્ષોથી કોઈ વિકાસ થયો નથી. બધા વચનો આપે છે .પણ વિકાસના કોઈ કામ કરતા નથી. કોઈ નેતા ફરકતા પણ નથી. વાંદરીયા ગામ સૌંઢલીયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં આવતું હોવાથી આ ગામમાં વર્ષોથી મંદિરમા જવાનો રસ્તો બન્યો નથી.



ઉપરાંત વાંદરિયા ગામના ટેકરા ઉપર નો રસ્તો પણ બન્યો નથી. ચોમાસામાં ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે .ગામમાં ગટર નહીં હોવાથી ગામનું પાણી રસ્તા ઉપર રોડ ઉપર આવી જાય છે.જેને કારણે ગંદકી ફેલાય છે. ગામમાં ઘણા બધા લાભાર્થીઓને ઈન્દિરા આવાસ તથા અન્ય આવાસનો લાભ હજી સુધી મળ્યા નથી. ઉપરાંત ગામનો વિકાસ થયો નથી. તેથી સર્વ ગ્રામજનોએ મતદાનનહીં કરવાનો નિર્ણય લીધો હોવાનુ ગ્રામજનોએ જણાવ્યુ હતું.

તસવીરઃ જ્યોતિ જગતાપ ,રાજપીપળા

# મુખ્યમંત્રી રૂપાણીના પત્નિ અંજલીબેને કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો

ગાંધીનગર,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારત બાયોટેકની કોરોનો વેક્સિન લીધી હતી. તો રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં ચૂંટણી બાદ વધારો થઈ રહ્યો છે. ત્યારે સિનિયર સિટીઝનો માટે કોરોનાની વેક્સિન લેવાનો બીજો તબક્કો આજથી પ્રારંભ થશે. કોરોનાની રસી લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલિબહેન રૂપાણીએ ભાટ ગામની પાસે આવેલ એપોલો હોસ્પિટલમાં કોરોનાની રસી લીધી હતી. બીજી તરફ કોરોનાને માત આપીને આવેલાં સીએમ રૂપાણીએ સિનિયર સિટીઝનોને અપીલ કરી છે કે, લોકો આ રસી લેવાનું ન ચૂકશો તેમજ ખોટી ભ્રામક વાતોમાં આવીને રસી ન લેવાનું કાર્ય ન કરતાં.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સરકારી પ્રતિનિધિ EC મેમ્બરનો વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને વાર્તા લાપ

અરવલ્લી બ્યુરો મોડાસા

શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.કે.શાહ(લાટીવાળા) સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના સરકારી પ્રતિનિધિ EC મેમ્બર શ્રી હરેશભાઈ ચૌધરી દ્વારા યુનિવર્સિટી ને લગતા, પરીક્ષા વિષય ના વિદ્યાર્થીઓના પ્રશ્નોના સમાધાન અને મૂંઝવણ નિવારવાના કાર્યક્રમનું આયોજન



કરવામાં આવેલ તથા સર પી.ટી.સાયન્સ કોલેજ દ્વારા જેમાં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરિક્ષાઓ અંગે સમજણ આપી ડિગ્રી સર્ટિફિકેટ, યુનિવર્સિટીની સિંગલ વિન્ડો સિસ્ટમ અને સામાજિક સેવાકાર્ય પ્રત્યે અભિરૂચિ કેળવવાની પ્રેરણા આપી તથા સર પી.ટી.સાયન્સ કોલેજના ઉપક્રમે યોજાયેલ આંતરરાષ્ટ્રીય શોધ સેમીનારમાં હાજરી આપી પ્રેરક ઉદબોધન કર્યુ. આ પ્રસંગે મંડળ ના ઉપપ્રમુખ શ્રી સુભાષભાઈ શાહ સાયંસ કોલેજ ના પ્રભારી મંત્રી શ્રી સુરેન્દ્રભાઈ જે. શાહ, ડો. ઘનશ્યામભાઈ શાહ તથા ડો. કે. પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં પ્રા. ગિરીશ વેકરીયા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.એસ.ડી.વેદિયા દ્વારા કરવામાં આવ્યું.

# નર્મદા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૪૧૪૯૧૨ મતદારો, પૈકી ૩૨૮૩૬૬ મતદારોએ ૭૯.૧૪% મતદાન નોંધાયું




રાજપીપળા,તા.૧

ગઈકાલે નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયતની કુલ ૨૨ બેઠકો માટે ૭૯ ઉમેદવારો માટે ૭૯.૧૪% ભારે મતદાન નોંધાયું હતું. જ્યારે જિલ્લાની પાંચેય તાલુકા પંચાયતની કુલ ૯૦ બેઠકો માટે ૩૦૭ ઉમેદવારો માટે ૭૯.૧૬% મતદાન નોંધાયું હતું. જેમાં નર્મદા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૪૧૪૯૧૨ મતદારો, પૈકી ૩૨૮૩૬૬ મતદારોએ ૭૯.૧૪% મતદાન નોંધાયું હતું. જેમાં ૧૬૯૩૪૩ પુરૂષ મતદારોએ ૮૦.૩૭% અને ૧૫૯૦૨૩ સ્ત્રી મતદારોએ ૭૭.૮૭% મતદાન કર્યું હતું .

જ્યારે નર્મદાના પાંચેય તાલુકાના મતદારના આંકડાની વિગતો જોતા નાંદોદ તાલુકામાં ૮૪૬૫૬ મતદારો પૈકી ૬૬૬૩૫ મતદારોએ ૭૮.૭૧% મતદાન નોંધાયું હતું. જ્યારે તિલકવાડા તાલુકા પંચાયતમાં ૪૯૯૩૮ મતદારો પૈકી ૩૮૧૩૯ મતદારોએ ૭૬.૩૭% મતદાન નોંધાયું હતું.તથા ગરુડેશ્વર તાલુકા પંચાયતમાં ૬૬૬૮૨ મતદારો પૈકી ૫૦૯૦૦ મતદારોએ ૭૬.૩૩ % મતદાન નોંધાયું હતું. દેડીયાપાડા તાલુકા પંચાયતમાં ૧૨૯૫૮૩ મતદારો પૈકી ૧૦૪૮૮૮૧ મતદારોએ ૮૦. ૯૪% મતદાન નોંધાયું હતું.જ્યારે સાગબારા તાલુકા પંચાયતમાં ૮૪૦૫૩ મતદારો પૈકી ૬૭૮૯૬ મતદારોએ ૮૦.૭૮ % મતદાન નોંધાયું હતું. આમ કુલ પાંચ તાલુકા પંચાયતમાં કુલ કુલ ૪૧૪૯૧૨ મતદારો, પૈકી ૩૨૮૩૬૬ મતદારોએ ૭૯.૧૬% મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ મતદાન દેડીયાપાડા તાલુકા પંચાયતમાં ૮૦.૯૪% વિક્રમજનક મતદાન નોંધાયું છે.જ્યારે સૌથી ઓછું મતદાન ગરુડેશ્વર તાલુકા પંચાયતમાં ૭૬.૩૩% મતદાન નોંધાયું.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ,રાજપીપળા

## હિમાલયસે ઉંચી મતદાનની ટકાવારીમાં નર્મદા જિલ્લાની યશસ્વી સિધ્ધિ

# નર્મદા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં સૌથી વધુ ૭૯.૦૨ ટકા મતદાન સાથે સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લોન પ્રથમ સ્થાને મોખરે

રાજપીપલા,તા૧

નર્મદા જિલ્લામાં ગઇકાલે તા. ૨૮ મી ના રોજ યોજાયેલી નર્મદા જિલ્લા પંચાયત તથા નાંદોદ, ગરૂડેશ્વર, તિલકવાડા, દેડીયાપાડા અને સાગબારા તાલુકા પંચાયતો અને રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓના યોજાયેલા મતદાનમાં સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લાદ પંચાયતની ચૂંટણીમાં અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ૭૯.૦૨ ટકાના વિક્રમી મતદાન સાથે નર્મદા જિલ્લોમ સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને મોખરે રહ્યોં છે. જ્યારે નગરપાલિકાની ચૂંટણીમાં રાજપીપલા નગરપાલિકા ૬૬.૭૮ ટકા મતદાનની ટકાવારી સાથે સમગ્ર રાજ્યમાં ચોથા ક્રમે રહ્યોં હોવાના અહેવાલ જિલ્લાપ ચૂંટણીતંત્ર તરફથી પ્રાપ્ત થયા છે. આમ, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લાકલેક્ટરશ્રી ડી.એ. શાહના માર્ગદર્શન અને રાહબરી હેઠળ સ્વીપ એક્ટીવીટી હેઠળ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા જિલ્લામાં મતદાર-મતદાન જાગૃત્તિ માટે કરાયેલા સઘન પ્રયાસો તેમજ જિલ્લાના મતદાતાઓની વિશેષ જાગૃત્તિના ફલસ્વરૂપે હિમાલયસે ઉંચી મતદાનની ટકાવારીમાં નર્મદા જિલ્લાએ યશસ્વી સિધ્ધિ હાંસલ કરેલ છે.નર્મદા જિલ્લાત પંચાયતની ૨૨ બેઠકો માટે ૭૯ ઉમેદવારો વચ્ચે યોજાયેલી આ ચૂંટણી સ્પર્ધામાં ગઇકાલે થયેલા મતદાનમાં ૧,૬૮,૯૧૩ પુરૂષ અને ૧,૫૮,૯૫૩ મહિલા મતદારો સહિત કુલ- ૩,૨૭,૮૬૬ મતદારોએ મતદાન કરતા પુરૂષ મતદાનની ૮૦.૧૬૬ ટકા અને મહિલા મતદાનની ૭૭.૮૩૯ ની ટકાવારી સાથે જિલ્લાથ પંચાયતની ચૂંટણીમાં કુલ- ૭૯.૦૨ ટકાનું મતદાન નોંધાયુ હતું. જિલ્લાઙ પંચાયતની ૨૨ બેઠકોની ચૂંટણીમાં નોંધાયેલા મતદાનમાં સૌથી વધુ મતદાન મોહબુડી-૨ (તા.દેડિયાપાડા) માં ૯૭.૮૫ ટકા જ્યારે સૌથી ઓછુ લીમડી-૨ (તા.ગરૂડેશ્વર) ઉપર ૩૨.૪૪ ટકા મતદાન નોંધાયુ હતું.

તેવી જ રીતે નાંદોદ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૩૪,૩૭૩ પુરૂષ અને ૩૧,૭૫૭ મહિલા સહિત કુલ- ૬૬,૧૩૦ નું મતદાન, તિલકવાડા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૨૦,૦૪૫ પુરૂષ અને ૧૮,૦૦૩ મહિલા સહિત કુલ-૩૮,૦૪૮ નું મતદાન, ગરૂડેશ્વર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૨૬,૮૫૬ પુરૂષ અને ૨૪,૦૫૩ મહિલા સહિત કુલ- ૫૦,૯૦૯ નું મતદાન, દેડીયાપાડા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૫૩,૮૫૬ પુરૂષ અને ૫૧,૦૨૭ મહિલા સહિત કુલ- ૧,૦૪,૮૮૩ નું મતદાન અને સાગબારા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૩૩,૭૮૩ પુરૂષ અને ૩૪,૧૧૩ મહિલા સહિત કુલ- ૬૭,૮૯૬ નું મતદાન નોંધાયું હતું.

જિલ્લા ની પાંચેય તાલુકા પંચાયતમાં થયેલા મતદાનની તાલુકાવાર ટકાવારી જોઇએ તો નાંદોદ તાલુકામાં પુરૂષ- ૭૯.૬૪ ટકા અને મહિલા- ૭૬.૫૩ ટકા મળી કુલ- ૭૮.૧૨ ટકા, તિલકવાડા તાલુકામાં પુરૂષ- ૭૭.૭૭ ટકા અને મહિલા- ૭૪.૫૧ ટકા મળી કુલ- ૭૬.૧૯ ટકા, ગરૂડેશ્વર તાલુકામાં પુરૂષ- ૭૭.૩૬ ટકા અને મહિલા- ૭૫.૨૪ ટકા મળી કુલ- ૭૬.૩૫ ટકા, દેડીયાપાડા તાલુકામાં પુરૂષ- ૮૧.૮૩ ટકા અને મહિલા- ૮૦.૦૨ ટકા મળી કુલ- ૮૦.૯૪ ટકા, સાગબારા તાલુકામાં પુરૂષ- ૮૧.૯૨ ટકા અને મહિલા- ૭૯.૬૮ ટકા મળી કુલ- ૮૦.૭૮ ટકા મતદાનની ટકાવારી નોંધાઇ હતી.

તેવી જ રીતે રાજપીપલા નગરપાલિકાની કુલ- ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે યોજાયેલા મતદાનમાં ૧૦,૦૧૩ પુરૂષ અને ૯,૬૨૯ મહિલા સહિત કુલ- ૧૯,૬૪૨ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા નગરપાલિકાની ચૂંટણી માટે પુરૂષની ૬૯.૩૭ ટકા અને મહિલાની ૬૪.૨૮ ટકા મતદાનની ટકાવારી સાથે રાજપીપલા નગરપાલિકાની કુલ મતદાનની ટકાવારી ૬૬.૭૮ નોંધાઇ છે. રાજપીપલા નગરપાલિકાની ચૂંટણીમાં નોંધાયેલા મતદાનમાં સૌથી વધુ વોર્ડ નં- ૧ (મ્યુનિસિપલ શાળા) માં - ૮૭.૬૩ ટકા અને વોર્ડ નં- ૭ (પંચવટી સોસાયટી) માં સૌથી ઓછુ ૪૪.૩૦ ટકા મતદાન નોંધાયું હતું.



તેવી જ રીતે જિલ્લાના પાંચેય તાલુકા પંચાયતની ચૂંટણીમાં નોંધાયેલા સૌથી વધુ અને સૌથી ઓછા મતદાનની ટકાવારીની વિગતો જોઈએ તો, નાંદોદ તાલુકા પંચાયતમાં સૌથી વધુ મૌજી ખાતે ૯૫.૩૮ ટકા અને સૌથી ઓછુ વડીયા કોલોની-૧ ખાતે ૪૬.૦૬ ટકા, ગરૂડેશ્વર તાલુકા પંચાયતમાં સૌથી વધુ ઉમરવા (જોષી-૧) ખાતે ૯૨.૧૮ ટકા અને સૌથી ઓછુ લીમડી-૨ ખાતે ૩૨.૪૪ ટકા, તિલકવાડા તાલુકા પંચાયતમાં સૌથી વધુ શાહપુરા ખાતે ૯૫.૧૫ ટકા અને સૌથી ઓછુ વજીરીયા-૧ ખાતે ૫૫.૭૪ ટકા, દેડિયાપાડા તાલુકા પંચાયતમાં સૌથી વધુ મોહબુડી-૨ ખાતે ૯૭.૮૫ ટકા અને સૌથી ઓછુ ખાપરબુદ્દ ખાતે ૫૭.૪૧ ટકા તેમજ સાબારા તાલુકા પંચાયતમાં સૌથી વધુ ભોગવડ ખાતે ૯૨.૬૯ ટકા અને સૌથી ઓછુ સેલંબા-૩ ખાતે૫૭.૬૧ ટકા મતદાન નોંધાયું હતુ.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત નવેમ્બર, ૨૦૧૫ માં યોજાયેલી જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓમાં પણ નર્મદા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કુલ ૩,૦૧,૦૦૯ મતદારોના મતદાન નોંધાવાની સાથે ૮૧.૨૯ ટકા મતદાનની ટકાવારી નોંધાઇ હતી અને નર્મદા જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને મોખરે રહ્યો હતો. તેવી જ રીતે રાજપીપલા નગરપાલિકાની ચૂંટણીમાં પણ ૧૮,૬૧૫ મતદારોના મતદાન નોંધાવાની સાથે ૬૮.૨૮ ટકા મતદાનની ટકાવારી નોંધાઇ હતી અને સમગ્ર ગુજરાતની નગરપાલિકાઓના મતદાનની ટકાવારીમાં રાજપીપલા નગરપાલિકા ત્રીજા ક્રમે રહેવા પામી હતી.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

## અમદાવાદ નિકોલનો ફેરિયો ફેરી કરતા કરતા બુટલેગર બની ગયો

# ઈસરી પોલીસે ઈકો કારના ગુપ્ત ખાનામાંથી ૨.૭૨ લાખના દારૂ સાથે ઝડપ્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં દારૂબંધીનો કડક કાયદો કાગળ પર હોય તેમ ઠેર ઠેર દેશી-વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી થઇ રહી છે અમદાવાદ નિકોલની અક્ષરધામ રેસિડેન્સીમાં રહેતો અને ઈકો કારમાં પ્લાસ્ટીકની ફેરી કરનાર ફેરિયો દારૂની ખેપ કરવા લાગ્યો હતો ઈસરી પોલીસે રાજસ્થાનથી ઈકો કારમાં ગુપ્ત ખાનામાં પ્લાસ્ટિકના આડમાં સંતાડી રાખેલ ૨.૭૨ લાખનો વિદેશી દારૂ ભરી આવી રહેલા બુટલેગરને રેલ્લાવાડા ચેકપોસ્ટ પરથી દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં વ્યસ્ત હોવાનો ફાયદો ઉઠાવી ઈકો કારમાં ઉદેપુરથી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી ખેપ મારવા નીકળતા ઈસરી પોલીસે ખેપિયાની ખેપ નિષ્ફળ બનાવી હતી ઈસરી પીએસઆઈ બી.એલ.રોહિત અને તેમની ટીમે રાજસ્થાનને અડીને આવેલ રેલ્લાવાડા ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીગ હાથધર્યું હતું રાજસ્થાન તરફથી આવી રહેલ ઈકો કારને અટકાવી તલાસી લેતા ઈકો કારમાંથી ગુપ્ત ખાનું મળી આવ્યું હતું ગુપ્ત ખાનામાં અને ઈકો કારમાં પ્લાસ્ટિકના માલસામાનની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૫૦ કી.રૂ.૨૭૨૨૦૦/-નો જથ્થો જપ્ત કરી ઈકો કાર ચાલક તખતસિંહ પ્રતાપસિંહ પરમાર (રહે,બી-૧૦૨ અક્ષરધામ રેસીડેન્સી,નિકોલ-અમદાવાદ) ને ઝડપી પાડી ઈકો કાર,મોબાઈલ, વિદેશી દારૂ,પ્લાસ્ટીક માલસામાન મળી કુલ.રૂ.૫૮૨૯૨૦ /- નો મુદ્દામાલ જપ્ત કરી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન ઉદેપુરના ગોરધનવિલાસ વિસ્તારમાં રહેતા વિક્રમસિંહ સીસોદીયા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## એસપી સંજય ખરાતની શખ્ત કાર્યવાહી

# ભિલોડા પોલીસ સ્ટેશનના કોન્સટેબલ ચૂંટણી બંદોબસ્તમાં ગેરહાજર રહેતા કર્યો સસ્પેન્ડ

અરવલ્લી બ્યુરો મોડાસા




અરવલ્લી જીલ્લામાં સ્વચ્છ છબી ધરાવતા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લા પોલીસતંત્ર વાઈબ્રન્ટ બન્યું છે જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન મથક પર મતદારો શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરી શકે તે માટે મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીને ઝીઝુડી મતદાન મથક પર ફરજ સોંપવામાં આવી હતી ત્યારે પોલીસકર્મી ફરજમાં બેદરકારી દાખવી મતદાન મથક પર હાજર ન હોવાનું પેટ્રોલિંગમાં નીકળેલ પીઆઈ પરમારના ધ્યાને આવતા ચોકી ઉઠ્યા હતા જે અંગે જીલ્લા એસપી સંજય ખરાતને રીપોર્ટ કરતા ચૂંટણી જેવી અગત્યની કામગીરીમાં બેદરકારી દાખવનાર પોલીસકર્મીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દીધો હતો એસપીના આદેશના પગલે જીલ્લા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો શૈલેશ માવજી નામના પોલીસકર્મીને ચૂંટણી દરમિયાન સોંપવામાં આવેલી ફરજમાં બેદરકારી દાખવવી ભારે પડી હતી અને સસ્પેન્ડ કરવાનો વારો આવ્યો હતો ભિલોડા પોલીસ કોન્સટેબલ શૈલેષ માવજીને ઝીઝુડી મતદાન મથક પર ફરજ સોંપવામાં આવી હતી ત્યારે નીષ્ઠાપુર્વક ફરજ બજાવવાના બદલે હોમગાર્ડ જવાનના ભરોશે મતદાન મથક છોડી ક્યાંક જતો રહ્યો હતો ત્યારે જીલ્લામાં ચૂંટણી બંદોબસ્ત પેટ્રોલીંગમાં નીકળેલ પ્રોબેશ્નલ પીઆઈ પરમાર ઝીઝુડી મતદાન મથક પર પહોંચ્યા હતા અને સ્થળ પર ફરજ બજાવતો પોલીસ કોન્સટેબલ હાજર ન હોવાથી પોલીસકર્મીની ગંભીર બેદરકારી સામે આવતા ચોંકી ઉઠ્યા હતા અને આ અંગે જીલ્લા પોલીસવડા સંજય ખરાતને રીપોર્ટ કરતા એસપીએ તાત્કાલીક અસર થી સસ્પેન્ડ કરી દીધો હતો અને જીલ્લા પોલીસવડાની શખ્ત કાર્યવાહી થી પોલીસતંત્રમાં ફફડાટ ફેલાયો હતો

ભિલોડા પોલીસ સ્ટેશનમાં થોડા દિવસો બુટલેગર સાથે ભાઈબંધી રાખનાર જીજ્ઞેશ બચુભાઈ અને એએસઆઈ શંકરભાઈ બચુભાઈને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરી દીધા હોવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે અન્ય એક પોલીસ કોન્સટેબલ શૈલેષ માવજીએ ફરજમાં બેદરકારી દાખવતા સસ્પેન્ડ કરી દેતા ભિલોડા પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓમાં હલબલી મચી છે

# લાયન્સ ક્લબ શાહીબાગ ના ડો પી બી પટેલ દ્વારા દિવ્યપથ શાળામાં કેન્સર અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું




વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) ના અનુસાર, કેન્સર એ બીજો સૌથી જીવંત રોગ છે. જે લોકોમાં મૃત્યુનું કારણ બને છે. માટે દર વર્ષે વિશ્વ કેન્સર દિવસ ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને કેન્સરના ગંભીર જોખમ વિશે શિક્ષિત કરે છે. કેન્સર જેવા રોગના નિદાન, ઉપચાર અને નિવારણ અંગે શિક્ષણ આપવાના હેતુસર મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ શાળામાં આચાર્ય શ્રી સંજય પટેલ દ્વારા તા-૨૭ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ ધોરણ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે કેન્સર વિશે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેંકડો સંશોધનકારો, વૈજ્ઞાનિકો, ફાર્માકોલોજિસ્ટ્સ, ઓક્રોલોજિસ્ટ્સ અને અન્ય આરોગ્યસંભાળ પ્રદાતાઓની સખત મહેનત અને સમર્પણ દ્વારા કેન્સરના નિવારણની શોધો સંદર્ભે આશ્ચર્યજનક પ્રગતિ થઈ છે. તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ લક્ષી સમજ કેળવવી જરૂરી છે. આ મહત્વપૂર્ણ સેમિનાર માટે ગુજરાતના મહાન ઓક્રોલોજિસ્ટ અને લાયન્સ ક્લબ શાહીબાગ ના સભ્ય એવા શ્રી ડૉ. પી.બી. પટેલે કેન્સર , કેન્સરનું કારણ, કેન્સરની અસર અને કેન્સર નિવારણ વિશે માહિતી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સાથે પ્રેરણા આપી અને કેન્સરને રોકવા માટે વિદ્યાર્થીઓ કેવી મહત્વની ભૂમિકા ભજવે તે અંગે શિક્ષણ આપ્યું હતું.

## ડીઝલના ભાવ વધ્યા પણ ભાડું નહીં.... ટ્રાન્સપોર્ટરોમાં આક્રોશ

# ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ ધનસુરા ટ્રાન્સપોર્ટ એશો.ની અચોક્કસ મુદતની હડતાલ

અરવલ્લી બ્યુરો મોડાસા

કેન્દ્ર સરકાર દ્વારા ચૂંટણી સમયે અચ્છે દિનની વાતો બૂમરેંગ સાબીત થઇ રહી છે પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી જતા લોકોના બુરી દિન શરૂ થયા હોય તેમ જણાય રહ્યુ છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના કારણે અન્ય જીવન જરૂરી ચીજવસ્તુ પણ મોંઘી થવાની શકયતા છે તેથી હજુ લોકોની મૂશ્કેલી વધશે તેમ જાણકારો જણાવી રહ્યા છે.



હાલ મોંઘવારીના કારણે એક સાંધો ત્યાં તેર તૂટે જેવી લોકોની હાલત છે.સમગ્ર રાજ્યમાં કપચી,રેતી,મેટલ પુરી પાડતા વડાગામ ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ ધનુસરા ટ્રાન્સપોર્ટ એસોસિએશને ડીઝલના ભાવ સતત વધી રહ્યા હોવા છતાં ભાર વાહક વાહનોનું ભાડું ન વધતા અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા વિકાસના કામોને ભારે અસર પહોંચશે

ધનસુરા ટ્રાન્સપોર્ટ એસોસિએશનને વડાગામ ખાતે બેઠક બેઠક યોજી ડીઝલમાં થઈ રહેલો સતત ભાવ વધારો થઈ રહ્યો છે તેમ છતાં રેતી-કપચી અને મેટલનું વહન કરતા ટ્રક-ડમ્પર સહીત ભાર વાહક વાહનોના ભાડામાં વધારો ન થતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓની હાલત કફોડી બનતા ભારે નુકશાન સહન કરવું પડતું હોવાથી સોમવાર થી ભાવ વધારો નહીં મળે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા ક્વોરી ઉદ્યોગ અને વિકાસના કામોને માઠી અસર પહોંચી શકે છે

# રાયસણખાતે યોજાયેલા કાર્યક્રમમા વોર્ડ ૧૦ના ભાજપા સંગઠનના હોદ્દેદારશ્રીઓના નામોની જાહેરાત કરવામાં આવી



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારીયાદી જણાવેછે કે, શહેર ભાજપા પ્રમુખશ્રી ઋચિરભટ્ટ દ્વારા મહાનગરના નવાસીમાંકન પ્રમાણ ેવોર્ડનં. ૧૦ માં સમાવિષ્ટ સેક્ટર- ૧,૬,૭,૮ તથા રાંદેસણ, રાયસણ, કોબા ના પ્રમુખ તરીકે શ્રી મનિષભાઇ પટેલ(રાયસણ), ઉપપ્રમુખ તરીકે શ્રી વિક્રાંતભાઇ પુરોહિત તથા મહામંત્રી તરીકે શ્રી અરવિંદભાઇ ઠાકોર અને શ્રી રાજેન્દ્રસિંહ વાઘેલા(ડે.સરપંચ રાંદેસણ)નિમણુંક કરવામાંઆવીછે.

રાયસણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મહાનગર ભાજપા સંગઠનના મહામંત્રીશ્રીઓ શ્રીકનુભાઇ દેસાઇ, શ્રીધર્મેન્દ્ર સિંહ વાઘેલા, શ્રી ગૌરાંગભાઇ પટેલ ઉપરાંત ડે.મેયરશ્રી નાજાભાઇ ઘાંઘર, કોર્પોરેટરશ્રીઓ, યુવા મોરચાના પ્રમુખશ્રી જીગરભાઇ પટેલ સહિત ગામના આગેવાનો, ભાજપા કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

# તિલકવાડાના ગામડી ગામના યુવાન અને વણઝાર ગામ ના ૨૬ વર્ષીય અસ્થિર મગજના યુવાને ઝેરી દવા પી આત્મહત્યા કરી.

રાજપીપળા,તા.૧

નર્મદાના ઝેરી પીને આત્મહત્યા કરવાના બે કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં તિલકવાડાના ગામડી ગામના યુવાને કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી આત્મહત્યા કરી છે.તથા વણઝાર ગામના અસ્થિર મગજના યુવાન પિંકલભાઈ કલમસિંગભાઈ વસાવાએ પણ ઝેરી દવા પી આત્મહત્યા કરી છે.

બનાવની વિગત મુજબ મરનાર તિલકવાડા તાલુકાના ગામડી ગામના જતીનભાઈ ભીખાભાઈ વસાવા (ઉં.વ.૨૩ રહે ગામડી) એ કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે જ મોનોકોટો નામની ઝેરી દવા પી જતા તેમનું મોત નીપજયું હતું. જયારે બીજા કિસ્સામાં વણઝર ગામના ૨૬ વર્ષના અસ્થિર મગજના યુવાને પિંકલભાઈ કલમસિંગભાઈ વસાવા એ ઝેરી દવા પી જતાં તેની હોય ૧૦૮ માં સારવાર માટે રાજપીપળા હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યા હતા.બંને કિસ્સામાં પોલીસે અકસ્માત મોત ગુનાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ , રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.